ટાળે મિત્રોના સહુ ક્લેશ. · મહાવીર. ૬
લોકને શિખવે સત્ય ત્યાગ, શિખવે ધર્મપર રાગ;
શિખવે ઉત્તમ વૈરાગ્ય. મહાવીર. ૭
ટાળે રોગી જનોના રોગ, ટાળે દુર્બુદ્ધિ દુઃખ ભોગ;
સમજાવે ઉત્તમ યોગ. મહાવીર. ૮
ાજા રંકમાં આતમ સરખા, સમજાવે અનુભવે પરખ્યા;
ામજી લોકો બહુ હરખ્યા. મહાવીર. ૯
ેવા ધર્મ કરે ને કરાવે, જગને આદર્શ શિખાવે;
ાપ્ત જ્ઞાનના યોગ ભણાવે. મહાવીર. ૧૦
ીર વાણીમાં વેદ સમાયા, સર્વ વેદોએ વીરને ગાયા;
ન્ય વીરપ્રભુ મન કાયા. મહાવીર. ૧૧

*

[illegible]

 બીકાનેર. (રાજપુતાના.)

કરે ધર્મ્ય પ્રવૃત્તિ સુહાવે, સત્ય તત્ત્વને પ્રેમે સુણાવે;
દયા લાવીને જગ સમજાવે. મહાવીર. ૧૨

દયા સંયમને ઉપકાર, સત્યજ્ઞાન જણાવે સાર;
ધન્ય વીરપ્રભુ અવતાર. મહાવીર. ૧૩

જગ્યાં ભારતનાં મહાભાગ્ય, વીર સમજાવે છે ત્યાગ;
બુદ્ધિસાગર ધન્ય વૈરાગ્ય. મહાવીર. ૧૪

---

(૮૭)

પ્રભુ વીર પત્ની યશોદા દેવીની ગૃહસ્થદશા.

સનેહી સંત એ ગિરિ સેવો. એ રાગ.

પ્રભુપત્ની યશોદા રૂપાળી, સતીયોમાં શિરોમણી સારી;
કર્મયોગિની બહુ પ્રેમવાળી, યશોદા દેવીની બલીહારી. ૧

સાસુ સસરાની આજ્ઞાકારી, કરે ભક્તિએ વિનય અપારી;
સહુ કુટુંબની રખવાળી. યશોદા. ૨

વૃદ્ધ ગુરૂજન પાયે પડંતી, કામ કરતાં ન થાકે રડંતી;
નિશદિન ગુણ સેણી ચડંતી. યશોદા. ૩

સત્ય બોલે દયાગુણ પાળે, દોષ છંડીને જન ગુણ ભાળે;
સત્ય આનંદ જીવન ગાળે. યશોદા. ૪

પ્રભુ મહાવીર બોધ ગ્રહંતી, નિરાસક્તિએ કર્મ કરંતી;
અધ્યાતમ દૃષ્ટિ વહંતી. યશોદા. ૫

નિજ સખીયોને શિક્ષણ આપે, નિજ સરખા ગુણોએ વ્યાપે;
દુઃખી જીવનાં દુઃખડાં કાપે. યશોદા. ૬

પશુ પંખી ને બાળ સંભાળે, કરી પોષણ પ્રેમથી પાળે;
સર્વ ગુણથી ભારત અજવાળે. યશોદા. ૭

મહાવીરની આજ્ઞાએ રહેતી, સમભાવે શુભાશુભ સહેતી;
સારી શિક્ષાઓ લોકને કહેતી. યશોદા. ૮

શ્રાવિકાવ્રત શક્તિએ પાળે, જૈનધર્મમાં વિશ્વને વાળે;
મોહનું જોર પ્રગટયું ખાળે. યશોદા. ૯
ગુણ કર્મથી શોભે સારી, ટાપટીપ ન બાહ્ય લગારી;
ગાવે ઇન્દ્રાણીઓ ગુણભારી. યશોદા. ૧૦
ઋદ્ધિ ગારવે ગર્વ ન કરતી, આત્મપેઠે જીવો અનુસરતી,
જગ તારે ને પોતે તરતી. યશોદા. ૧૧
વીર જાપને જપની પ્રેમે, ન્હેતી સર્વ જીવોપર રહેમે;
શોભે પતિવ્રતા ગુણ નેમે. યશોદા. ૧૨
સર્વ ભારતમાં વખણાઇ, વીર ભક્તિથી શોભા પાઇ;
લોકો પ્રેમે રહ્યા ગુણ ગાઇ. યશોદા. ૧૩
સાધુ સંતને આપે દાન, પ્રભુ વીરની સમજે સાન;
દિલમાં વીર છે ભગવાન. યશોદા. ૧૪
ખાળ પોપે રહે નહીં રોપે, કામ ક્રોધાદિ દોષો શોષે;
રહી વીરપ્રભુના ભરોસે. યશોદા. ૧૫
અતિથિનો કરે સત્કાર, દાન દેવામાં બહુ દાતાર;
આત્મ જ્યોતથી શોભે અપાર. યશોદા. ૧૬
મીઠી વાણી વિચારો સારા, રહ્યા દુર્ગુણ દૂર નઠારા;
પ્રભુસંગ સફલ અવતારા. યશોદા. ૧૭
પ્રભુમાં નિજ આત્મને જ્યોતિ, નામ દેહાધ્યાસને ખોતી;
જેની ઝળકે ઝળહળ જ્યોતિ. યશોદા. ૧૮
વીર પત્નીને પ્રેમે ગાતાં, ભક્ત લોકનાં પાતિક જાતાં;
ઇચ્છયાં કામો વેગે થાતાં. યશોદા. ૧૯
ક્ષત્રિયાણી બની ગુણશાલી, અંતરાતમ ગુણ રઢિયાલી;
પરમાતમ દૃષ્ટિવાળી. યશોદા. ૨૦
યશોદા જેવી જગમાં ન નારી, મહાવીર હૃદયમાં પ્યારી;
બુદ્ધિસાગર જગ જયકારી. યશોદા. ૨૧

---

(૮૮)

દીક્ષા લેતી વખતે મહાવીર પ્રભુની મોટાભાઇ નંદિવર્ધનને શિખામણ.

સનેહીસંત એ ગિરિ સેવો. એ રાગ.

સુણો નંદિવર્ધન બન્ધુ. કરૂણા આદિ ગુણગણ સિન્ધુ,
મારો છૂટ્યો દુનિયા સંબંધ, શિખામણ ચિત્તમાં તમે ધરશો.
શિખામણ. ૧
સ્વાધિકારે રાજ્યને કરશો.

વર્ષીદાન યથા કલ્પ દીધાં, દાનથી ત્યાગ સંયમ સિદ્ધયાં.
શિખામણ. ૨
ઉપકારે દીધાંને લીધાં.

ઉપકારનાં કામો કરજો, ધર્મમાર્ગમાં નિત્ય સંચરશો;
શિખામણ. ૩
પાપ માર્ગમાં પગલું ન ભરશો.

ક્ષાત્રધર્મ ન ચૂકશો ક્યારે, સાધુ દુઃખીની ચઢશો વ્હારે;
શિખામણ. ૪
સત્ય ચૂકે તે જગમાં હારે.

ન્યાય આપશો સર્વને સાચો, પક્ષપાતને દેઇ તમાચો;
શિખામણ. ૫
દેહ ઇન્દ્રિય સુખમાં ન રાચો.

આતમ સમ જગને ગણશો, દુષ્ટ ક્રોધાદિકને હણશો;
શિખામણ. ૬
રૂડા અનુભવ પાઠો ભણશો..

શુભાચારથી દેશ સુધારો, સત્ય નીતિથી ધર્મ વધારો;
શિખામણ. ૭
જૈનધર્મને જગમાં પ્રચારો.

ધર્મયુદ્ધથી પાછા ન ફરવું, સત્ય કાર્યમાં ક્યારે ન ડરવું;
શિખામણ. ૮
ન્યાય સત્યમાં પગલું ભરવું.

ઉચ્ચ નીચનો રાખો ન ભેદ, મુંઝી કોને આપો ન ખેદ;
શિખામણ. ૯
રાખો સિદ્ધ થવાની ઉમેદ.

બનશો નહીં મોહે પ્રમાદી, કરશો શુદ્ધાતમ યાદી;
શિખામણ. ૧૦
કદિ થાશો ન ખોટા વિવાદી.

આર્યવંશની કીર્તિ વધારો, સર્વ વિદ્યાઓ વિધ પ્રચારો;
હિંસા યજ્ઞો અનેક નિવારો. શિખામણ. ૧૧

રાજ્ય દેશમાં કરશો સુધારા, દેહાધ્યાસથી થાશો ન્યારા;
તેથી સફલ થશે અવતારા. શિખામણ. ૧૨

સર્વ સંઘની કરજો સેવા, અરિહંતને માનો દેવા;
જ્ઞાન દેવાની રાખો હેવા. શિખામણ. ૧૩

થાશો શુદ્ધાતમ ગુણરાગી, જ્ઞાન ગર્ભિત થાશો વૈરાગી;
થાશો મન મમતાના ત્યાગી. શિખામણ. ૧૪

વ્યવહારે કરી પુણ્ય કર્મ, જ્ઞાની દર્શન ચારિત્ર ધર્મ;
સાધી પામો શિવપુર શર્મ. શિખામણ. ૧૫

આત્મવત્ સહુ જીવોને નિરખી, કરો વિધ દયા મન હરખી;
હેજે આપ્યું અનુભવ પરખી. શિખામણ. ૧૬

જૈનધર્મને પ્રેમે પાળો, મિથ્યા મોહ પરિણતિ ટાળો;
આતમ શક્તિઓને સંભાળો. શિખામણ. ૧૭

નંદિવર્ધનને શીખ દીધી, વીરે સંયમની વાટ લીધી;
બુદ્ધિસાગર સંયમ સિદ્ધિ. શિખામણ. ૧૮

---

(૮૯)

શ્રીવીરપ્રભુની દીક્ષા પ્રસંગે યશોદાએ ગાયેલી ગુંહલી.

હેતાં વહેતાં દર્શન દેજો રે, સ્વામી શાતામાં રહેજો. એ રાગ.
પ્યારા વીર પતિ વૈરાગી, સંયમ લેઈ થયા તમે ત્યાગી.

નિશદિન તમારી સંગેરે, પ્રભુ જાય ઉમંગે,
કર કેવલજ્ઞાનને વરજોરે. પ્રભુ. ૧

તમને શુદ્ધાતમની ધુન, તુમ સંતસંગ અધરું દુખ,
મારું ગયું હવે કેમ રે. પ્રભુ. ૨

વનમાં કેમ કરે આરામ, છોડી તમે પ્રભુ દેહ ધામ,
મહેલો સૂના ને ધામ રે. પ્રભુ. ૩

જે જે કરો તે યોગ્ય માનું, પતિભક્તિથી એમ પ્રમાણું,
હિતું ચોકે છવાનું રે. પ્રભુ. ૪

દશ વિરોગ સહ્યો નવ જાતો, નેત્રે અશ્રુસાગર ઉભરાતો,
કહો દોક ન અંગે માતો રે. પ્રભુ. ૫

મુજને એકલી મૂકી ચાલ્યા, તમને ઘટે નહીં સ્વામી વ્હાલા,
માનજો કાલાવાલા રે. પ્રભુ. ૬

વિસારો નહીં કેવલ પામી, દર્શન દેજો મુજ વિરામી,
વિનતિ કરૂં શિર નમી રે. પ્રભુ. ૭

એક તમારો છે આધાર, વિનતી દિલમાં અવધાર,
કરજો મુજ ઉદ્ધાર રે. પ્રભુ. ૮

મૂકશો નહિ મુજને કો કાળે, ચાલ્યા સ્વામી પત્નીની વ્હારે,
સૌને વીર સંભારે રે. પ્રભુ. ૯

કેવલજ્ઞાન ધરી ઘર આવે, વળી પૂછીને હર્ષ્યું વ્હાલે,
પુરમેં મ્હાલે એ આવે રે. પ્રભુ. ૧૦

સમતાએ ઉપસર્ગને સહેશે, આતમસ્વરૂપમાં તન્મય રહેશે,
આઠ ગુણો કરી વહેશે રે. પ્રભુ. ૧૧

શુક્લધ્યાનને ધ્યાઈ સ્વામી, પૂર્ણસ્વરૂપે થઈ નિષ્કામી,
અંતર [illegible] રે. પ્રભુ. ૧૨

[illegible] દૂર [illegible], કેવલજ્ઞાન [illegible],
[illegible] રે. પ્રભુ. ૧૩

[illegible]
[illegible] રે. પ્રભુ. ૧૪

[illegible]
[illegible] રે. પ્રભુ. ૧૫

[illegible]
[illegible] પ્રભુ. ૧૬

(૯૦)

શ્રી મહાવીર પ્રભુના કાનોમાં ગોવાળે ખીલા ઠોકયા તે સમયની વીરપ્રભુની શુદ્ધાત્મદશા.

સનેહીસંત એ ગિરિ સેવો. એ રાગ.

મન ! ! ! આત્મમાં થા લયલીન, દેહ દુઃખે ન થાવું દીન;
દુઃખ સહી લે સમતાએ પીન, નિજાતમ થાવ નિજ ઉપયોગી,
તું તો ચિદાનન્દ ગુણ ભોગી. નિજાતમ. ૧

કર્મ ઉદયમાં આવે ને જાય, તેહ રૂપ ન ત્હારૂં કદાય;
કર્મ નિર્જરે છૂટકો થાય. નિજાતમ. ૨

કર્મને કર્મરૂપે નિહાળ, શુદ્ધ ચેતન નિશ્ચય ભાળ,
શુદ્ધાતમમાં દૃષ્ટિ વાળ. નિજાતમ. ૩

કર્મોદયમાં નિમિત્ત ગોવાળ, તેને આતમરૂપે ભાળ;
સમભાવે વિશ્વ નિહાળ. નિજાતમ. ૪

આપ કનોને આપહિ હતોં, સ્વયં જ્ઞાનાદિ ગુણધર્તો;
આત્મભાવે છે આત્મવિમળતા. નિજાતમ. ૫

મનભાવે શાતા અશાતા, દેહાધ્યાસે સ્વયં દુઃખ દાતા;
દુઃખ લેશ ન આત્મરંગાનાં. નિજાતમ. ૬

આત્મભાવે કર્મ ન રહેતાં, કર્મબંધ ન સમતાએ સહેતાં;
મન આત્મામાં લીન કરતાં. નિજાતમ. ૭

દેવાદારનું દેવું ચૂકાવ, આવ્યો ઉત્સવ દિવસ ભાવ;
શુદ્ધ બ્રહ્મમાં લીનના લાવ. નિજાતમ. ૮

શુદ્ધાતમમાં મનડું ઠારી, શુભાશુભ વિકલ્પો વારી;
થયા ધ્યાનમાં સ્થિર ગુણધારી. નિજાતમ. ૯

ધન્ય વીરની ધ્યાન સમાધિ, જેમાં ભાસે ન દુઃખ ઉપાધિ;
જેણે સાધના અન્તર્ સાધી. નિજાતમ. ૧૦

સેવા મહાવીરને મન ધારો, શુદ્ધ આતમરૂપ સંભારો;
બુદ્ધિસાગર વીર આધારો. નિજાતમ. ૧૧

---

(૯૧)

યશોદાની મહાવીર પ્રભુને ઘેર પધારવાની વિજ્ઞપ્તિ.

આવજો આવજો આવજો રે, મહાવીર પ્રભુ ઘેર આવજો,
વીનતિ દિલમાં લાવજો રે. મહાવીર.
ભક્તિ આધીન ભગવાન્ અમારા, સત્યોપદેશ સુણાવજો રે. મ૦ ૧
જગજીવન પ્રાણેશ્વર પ્યારા, શુભ સંદેશ જણાવશો રે. મ૦
પરમાતમ પરમેશ્વર પરગટ, શુદ્ધ સ્વરૂપ પ્રગટાવશો રે. મ૦ ૨
ધન્ય ધન્ય ત્રિશલાના જાયા, ધર્મ સ્વરૂપ સમજાવશો રે. મ૦
બુદ્ધિસાગર વીરજિન વ્હાલા, પલક ન દૂરે થાવશો રે. મ૦ ૩

---

(૯૨)

દેવી યશોદાની શ્રી વીરપ્રભુને વિજ્ઞપ્તિ.

તારશો તારશો તારશો રે, પ્રભુ વ્હાલા મને ઝટ તારશો,
સાચી એક તમારી સગાઈ, કૃપા કરીને ઉદ્ધારશો રે. પ્રભુ. ૧
સત્યોપદેશો દઈને પ્રીતમ, સંસાર પાર ઉતારશો રે. પ્રભુ.
અધમાધમ શત્રુ ઉદ્ધાર્યો, ભક્તિ હૃદયમાં સ્વીકારશો રે. પ્રભુ. ૨
કાયા ધણી મુજ માથે ગાજો, મોહ માયાને મારશો રે. પ્રભુ.
પાછળ પડીયા દુષ્ટ કષાયો, વ્હાર કરીને સંહારજો રે. પ્રભુ. ૩
ત્રણ્ય ભુવનના સ્વામી સદ્ગુણ, શુદ્ધ સ્વભાવને સુધારજો રે. પ્રભુ.
જ્યોતિએ જ્યોત મિલાવી પ્રિયંકર, શક્તિ અનંતી વધારજો રે. પ્રભુ. ૪
આતમરંગ વધારી વિભુ જિન, નિશ્ચલ ઠામે ઠારજો રે. પ્રભુ.

મારા મનનું સઘળું જાણો, જ્યાં ત્યાં મને સંભારશો રે. પ્રભુ.
બુદ્ધિસાગર ગુરૂ વીર વ્હાલમ, વિનતડી અવધારશોરે. પ્રભુ. ૬

---

(૯૩)

પ્રભુ મહાવીર સ્વામીનું નિશાળમાં ગમન.

રઘુપતિ રામ હૃદયમાંહિ રહેજો રે. એ રાગ.

વીર આઠ વર્ષ થયા જાણી રે, માત ત્રિશલા હર્ષ ભરાણી રે;
હર્ખ્યો સિદ્ધારથ ગુણખાણી, પ્રભુ મહાવીરની બલિહારી રે, ૧
વરઘોડો ચઢાવ્યો ભારી રે, હાથી ઘોડા રથ શણગારી રે;
નવ નવલાં આભૂષણ ધારી. પ્રભુ. ૨
નવરાવી પ્રભુ શણગાર્યા રે, હાથી ઉપર પ્રેમે બેસાડયા રે;
રૂપે દેવકુમાર અવતાર્યા. પ્રભુ. ૩
વિદ્યા ગુરૂની પાસે આવે રે, બ્રાહ્મણ મન ગર્વને લાવે રે;
ઈન્દ્રાસન કંપે પ્રભાવે. પ્રભુ. ૪
મહાવીર પ્રભુ ત્રણ જ્ઞાની રે, જવું શાળામાં ઉચિત ન જાણી રે
આવ્યા ઈન્દ્ર, ભક્તિ મન આણી. પ્રભુ. ૫
બ્રાહ્મણરૂપે ઈન્દ્રે પધારી રે, વાંદ્યા વીર પ્રભુ જયકારી રે;
પુચ્છે આસનપર બેસાડી. પ્રભુ. ૬
ઈન્દ્રે પુચ્છયા પ્રશ્ન હજાર રે, શબ્દશાસ્ત્રતણા ધરી પ્યારરે;
આપ્યા ઉત્તર સહુ નિર્ધાર. પ્રભુ. ૭
વિદ્યાગુરૂના સંશય ટાળ્યારે, સહુ પ્રશ્નના ઉત્તર વાળ્યા રે;
લોકે અચરિજથી વીર ભાળ્યા. પ્રભુ. ૮
સર્વ શાસ્ત્રમાં પારંગામી રે, જાણ્યા લોકે પ્રભુ વીર સ્વામી રે;
ઈન્દ્ર બોલે પ્રભુ શિરનામી. પ્રભુ. ૯

વીર તીર્થંકર અવતારી રે, ત્રણ્યજ્ઞાન સહિત ગુણભારી રે;
સ્વયં બુદ્ધ જગત્ ઉપકારી. પ્રભુ. ૧૦

જાણી બ્રાહ્મણ ગુરૂ ખમાવે રે, પડ્યો પાયે પ્રભુને ભાવે રે;
સભા વંદે હર્ષના દાવે. પ્રભુ. ૧૧

ઐન્દ્ર શાબ્દિક શાસ્ત્ર રચાયું રે, દેશ ભારતમાંહિ સુહાવ્યું રે;
માત પિતાએ સુખ બહુ પાયું. પ્રભુ. ૧૨

ઇન્દ્ર વંદી ગયા નિજ ઠામ રે, મહાવીર રમે નિજધામ રે;
કર્મયોગી પ્રભુ નિષ્કામ. પ્રભુ. ૧૩

ત્રણ્ય જ્ઞાની નહીં અભિમાની રે, સાગરવત્ ગંભીર જાણી રે;
ધર્યો બ્રાહ્મણ નિરભિમાની. પ્રભુ. ૧૪

પ્રભુ બોલે ન ગર્વના બોલ રે, થાય હીરાનાં લાખો મોલ રે;
બુદ્ધિસાગર ગુણો અમોલ. પ્રભુ. ૧૫

---

(૯૪)

શ્રીવીર પ્રભુની દીક્ષા વખતે તેમની પુત્રીએ પિતા પ્રતિ કાઢેલા ઉદ્ગાર.

સ્વામી શાતામાં રહેજો. એ રાગ.

ધન્ય પ્રભુ મહાવીર અમારા, પિતા તીર્થંકર અવતારા,
સર્વ જીવોના તારણહારા, કરૂણા ગુણના ભંડારા રે;
મુજને ન વિસારશો, મારો સ્નેહ ન ઓછો કરશો રે. મુજને ૧

પ્રેમે તારી શિક્ષણ આપ્યું. ધર્મરત્ન મુજ હૃદયમાં આપ્યું,
તત્ત્વ અહિંસા આપ્યું રે. મુજને ૨

સર્વ ત્યાગી ભિક્ષુ થઈ, પરમેશ્વર પૂર્ણ અવતારી.
મુજ જીવનની અધિકારી રે. મુજને ૩

તવ મુખ દર્શને મન મારી, વાત નમતી ઠરે આરી.
બુદ્ધિસાગર શરણે રે. મુજને ૪

જડ વિષયોના ભોગે ન શાન્તિ, મોહથકી રહે તેહમાં ભ્રાન્તિ,
આતમભાવથી કાન્તિ રે. સુજને

શુદ્ધાતમ રસ પૂરણ લાગી, શુદ્ધ પરિણતિ અંતર જાગી,
પરમાતમ સોભાગીરે. સુજને

તવ વાણી ગંગામાં ન્હાશું, શરણ ગ્રહી શિવપુરમાં જાશું,
મુક્તિ કમાણી કમાશું રે. સુજને

લાડકવાઇ બાલિકા ત્હારી, તવ ઉત્સંગે રમી ગુણશાલી,
સ્નેહ ન દેશો ઉતારી રે. સુજને

ધ્યાન ધરીને જે તમે સેવો, અત્ર પધારીને મ્હને દેવો,
પાડવજો સદેવો રે. સુજને

કાળજું મ્હારૂં ચરર ચિરાય, દુઃખ ઘનું વચને ન કથાયં,
આજે સઘળું શૂન્ય જણાય રે. સુજને ૧

યોગી થઇને જંગલ જાશો, શુદ્ધાતમમાં લયલીન થાશો,
કેવલજ્ઞાનને પાશો રે. સુજને ૧

કાલાવાલા કર્યાં તવ આગે, વિના રંગાઇ ગુણ રાગે,
અનુસરશું વૈરાગે રે. સુજને ૧

પ્રિયદર્શના એમ કથંતી, વીર નામનો જાપ જપંતી,
વીરને ભાવે નમંતી રે, નિજ ઘેર વળંતી. ૧

પ્રિયદર્શના ભક્તિ ભરેલી, સત્યાચાર વિચાર કરેલી,
બુદ્ધિસાગર ગુરૂથી ભરેલી, જેના જનક વીર બેલી રે. સુજને ૧

---

(૬૧)

શ્રી વીરકુમારનું હાલરડું.

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે.

વારી જાઉં વ્હાલા વીરકુમારને વારણે,
ગાઉં વીર પ્રભુનું હાલરડું હરખાઈ;
મારી આંખો પાંખો વ્હાલો હૈયું હેતનું,
મારી સઘળી આશા ફળવંતી જગ થાઈ. વારી. ૧

ઝૂલો પારણિયામાં વર્ધમાન જિન બાળુડા,
ગાઉં ગીત તમારાં મીઠાં રસ ભરપૂર;
હાલો હાલો હાલો હાલો નંદન વીરને,
હુંતો જાઉં ત્રણ ભુવનમાં સઘળે નૂર. વારી. ૨
કોટિ ચરીને આવ્યા દેવ કરે તુજ આરતી,
કરતા મંગલ દીવા દેવીઓ નરનાર;
દર્શન કરવા આવે સુરપતિ નરપતિ વ્હાલથી,
વંદે આંગળીએ મણિકંચનના અંદર. વારી. ૩
ધન ધન વેરી જગજીવન રાજકુમારને,
જાણે આવ્યો આજે પરબ્રહ્મનું તેજ;
ત્હારી લીલા સઘળી પરમેશ્વર શક્તિ ભરી,
મેં તો આપ્યાં તીર્થંકરના લક્ષણ સહેજ. વારી. ૪

મારી કૂખે જન્મ્યો જગજીવન જગનો ધણી,
તેથી ત્રણ ભુવનમાં બની રહી પ્રખ્યાત;
મારા હૈયામાં ઉછરંગ સુખના સાગરો,
હું તો કહેવાણી તીર્થંકરની માત. વારી. ૫
કોટિ રવિ શશી તારા તુજ આંખોમાં દીપતા,
[illegible] પૂજે સર્વ સમર્થ;

એવો જૈનધર્મ જગમાં સહુ જીવોમાં રહ્યોરે,
સત્તાએ તે પ્રગટપણે કરવા નિર્ધાર.
મહાવીર પ્રભુએ સર્વને જગમાં સાચો કહ્યો રે. મ્હાલી. ૩

સાખી.

જૈનધર્મમાં જીવતા, સર્વે ધર્મ સમાય;
સદસત્ વ્યક્તાવ્યક્ત સહુ, અસ્તિનાસ્તિરૂપ પાય.

મહાવીર શરણે રહેતા સર્વધર્મ પ્રગટે ખરા રે.
નાસે કર્મ મોહાદિ સહુ અનાદિ કીધ.
માટે મહાવીર પ્રભુને દિલડામાંહી ગ્રહો ધરી રે. મ્હાલી. ૪

સાખી.

અનન્ત વિશ્વ સમાય છે, મહાવીર જ્ઞાનનીમાંહિ,
આત્માઓ સહુ વીર સમ, સત્તા વ્યક્તિની છાંઈ;

મહાવીર જગ રૂપેને જગ સહુ મહાવીર જાણીએ રે,
સત્તા સાપેક્ષાએ જીવો વીર નિર્ધાર,
એવા મહાવીર પ્રભુને અન્તરમાંહી આણીએ રે.
બુદ્ધિસાગર ધ્યાવે મહાવીર આપો આપ. મ્હાલી. ૫

---

(૯૭)

જૈન ધર્મની ગુંહલી.

મુનિવર સંયમમાં રમતા એ રાગ.

જિનેશ્વર ધર્મની બલિહારી, ચડતી લહે નર ને નારી, જિનેશ્વર.
જૈનધર્મ જગ જયકારી, અહિંસા સંયમ તપધારી;
દાન શીયલભાવ અનુસારી. જિને૦ ૧

મન વાણી કાયા શક્તિ, વિદ્યાદિક શક્તિ વ્યક્તિ; જિને૦ ૨
દુઃખહરણી છે ભક્તિ.

નિર્બલતા દૂરે કરવી, આત્મદશા ચડતી વરવી; જિને૦ ૩
દુષ્ટ ટેવોને સંહરવી.

આત્મસમું જગને ગણવું, શક્તિતણું ભણતર ભણવું; જિને૦ ૪
નિશદિન મન કબજે કરવું.

કર્મો વીરાર્પણ કરવાં, શ્રમ ન કરવાં જે વરવાં; જિને૦ ૫
દિલડાં સદ્ગુણથી ભરવાં.

સત્યને માટે જે મરતા, સ્વર્ગવિષે તે અવતરતા, જિને૦ ૬
કાયર જન પાછા ફરતા.

જૈનોની છે એ રીતિ, ગણે નહીં મૃત્યુતણી ભીતિ; જિને૦ ૭
છડે નહીં મરતાં નીતિ.

ધર્મયુદ્ધમાં જે મરતા, દેવલોકને તે વરતા; જિને૦ ૮
વીરાર્પણ જે સહુ કરતા.

ભ્રમ રૂપ મમતા ત્યાગી, મહાવીરમાં મનને વાળી; જિને૦ ૯
જૈનો મુક્તિ લહે સારી.

શક્તિ વધારે ને ઉદ્ધારે, ધર્મ કહ્યો તે વ્યવહારે; જિને૦ ૧૦
સત્ય વિચારે ને આચારે.

દેશ રાજ્ય વિદ્યા પ્રગતિ, આપે ધર્મ તે સત્ય મતિ; જિને૦ ૧૧
ધર્મ તે શક્તિયો સર્વ છતી.

જૈનધર્મ સમજો સાચો, આદરી સર્વ જીવો સાચો; જિને૦ ૧૨
બુદ્ધિસાગર મન રાચો.

(૪૮)

શ્રી મહાવીર પ્રભુની ગુંહલી-ગરબી.

મુનિવર સંયમમાં રમતા.

પ્રભુ મહાવીર ભજો ભાવે, કુમતિ ટળે સુમતિ આવે;
આતમ નિર્લેપ ઝટ થાવે. પ્રભુ. ૧

કર્યું જેણે મહાવીરનું શરણું, પછીથી નહીં તેહને મરણું.
પ્રગટે હૃદય અમૃત ઝરણું. પ્રભુ. ૨

વીર ભજે નાસે પાપો, શરણુ કરે નહીં સંતાપો;
પૂર્ણ પ્રેમે જપતાં જાપો. પ્રભુ. ૩

ખાતાં પીતાં હરતાં ફરતાં, વીર વીર મુખ ઉચ્ચરતાં;
નર નારી શિવપુર વરતાં. પ્રભુ. ૪

તર્ક વિવાદો સહુ છંડો, મહાવીરથી રહને મંડો;
યાદ કરી વીરને વંદો. પ્રભુ. ૫

પરમાતમ વીરના જેવો, ત્રણ્ય ભુવનમાં નહીં દેવો;
પૂર્ણ સ્નેહે ઘટમાં સેવો. પ્રભુ. ૬

વીર વીર જે ઉચ્ચરશે, તેહનાં પાપો સહુ ટળશે;
આતમને તેહ ઉદ્ધરશે. પ્રભુ. ૭

અરિહંત વીર જપો જાપે, આતમ વિશ્વવિષે વ્યાપે;
મુક્તિ સ્વયં નિજને આપે. પ્રભુ. ૮

કલિકાલે મહાવીર ભજો, વિકથા ખટપટ દૂર તજો;
વીર પ્રભુરૂપ ઓળખજો. પ્રભુ. ૯

વીર વીર મુખ જે બોલે, મુક્તિ દ્વાર ઝટ તે ખોલે;
આતમ શક્તિયો તોલે. પ્રભુ. ૧૦

મહાવીરનું સમર્પણ દીધું, અનુભવ અમૃતને પીધું;
બુદ્ધિસાગર મન સિદ્ધયું. પ્રભુ. ૧૧

---

(૯૯)

પતિવ્રતા સ્ત્રીનાં લક્ષણ. ગરબી.

મુનિવર સંયમમાં રમતા એ રાગ.

પતિવ્રતા નારી જગસારી, દેવી સતીની બલિહારી, પતિવ્રતા
જ્યારે પતિ કર્મે પામી, સંતોષે રહે ગુણરામી;
રૂપ ન પરનરની કામી. પતિવ્રતા ૧

ફરતી નહીં લટકાતી, પતિને પ્રવરાવી ખાતી;
દંગા થતે ત્યાં નહિ જાતી. પતિવ્રતા ૨

લજ્જા મર્યાદા નહિ મૂકે, શીયલ મનને નહીં ચૂકે;
કામની ચેષ્ટા નહીં [illegible]. પતિવ્રતા ૩

જાદુ ટોણાંની ન પૂજારી, કર્મ કરે શુભ સંભારી,
[illegible] ગુણ રસિયારી. પતિવ્રતા ૪

સાસુ સસરાને નમતી, [illegible]
[illegible] પતિવ્રતા ૫

[illegible]
[illegible] પતિવ્રતા ૬

[illegible]
[illegible] પતિવ્રતા ૭

[illegible]
[illegible] પતિવ્રતા ૮

જેવો તેવો પતિ નિજ સારો, કર્મે મળ્યો માને પ્યારો;
ઇચ્છે ન બીજો રૂપાળો. પતિવ્રતા. ૯

મન મારી ઘરમાં રહેલી, કાર્ય કરે ધરીને નીતિ;
પાળે કુલવટની રીતિ. પતિવ્રતા. ૧૦

અરિહંત વીર પ્રભુ જપતી, રાખે ન મન કાયા તપતી;
સંતોષે રાખે તૃપતિ. પતિવ્રતા. ૧૧

નિંદા વિકથા સહુ વારી, ગુણથી થાતી જગ પ્યારી;
બુદ્ધિસાગર ગુણ ધારી. પતિવ્રતા. ૧૨

---

(૧૦૩)

પ્રભુમહાવીરની ગુંહલી.

મુનિવર સંયમમાં રમતા એ રાગ.

હૃદયમાં વીર પ્રભુ વસજો, પાપ કર્મ સઘળાં ખસજો, હૃદયમાં.
સુખ દુઃખમાં વીરની યદી, મનમાં ન બનશો ઉન્માદી;
માગું પ્રભુ એહ પરસાદી, હૃદયમાં. ૧

વીર વીરમય સહુ દેખું, બીજું સઘળું ઉવેખું;
સહુ નિજ આતમ વીર લેખું, હૃદયમાં. ૨

વીર વીર નહીં ભૂલાશો, પૂર્ણ થશો ઉલ્લાસો;
કાયમ રહો વીર વિશ્વાસો, હૃદયમાં. ૩

તન આવો ઈચ્છા જપશો, મનડું તત્ તપને તપશો;
આતમ વીર વિન ખપ શો ? હૃદયમાં. ૪

વીરપ્રભુ સઘળું દેજો, વીરપ્રભુ સન્મુખ જોજો;
પ્રભુ પ્રભુ દૂર નહીં રહેજો, હૃદયમાં. ૫

(૧૦૩)

મ્હને પ્રભુ તુજ લાગી માયા, તુજને સોંપી મુજ કાયા, હૃદયમાં. ૬
જ્યાં ત્યાં વીર હો મુજ છાયા,

અંધકાર દૂરે ટાળો, પ્રકાશમાં મુજ આતમવાળો; હૃદયમાં. ૭
સદા પ્રિયતમ તું મુજ વ્હાલો,

તુજ શક્તિ અપરંપારા, પરમબ્રહ્મ તું છે મ્હારા; હૃદયમાં. ૮
અન્તર બાહ્યથી આધારા,

તુજમાં લયલીન થઇ જાવું, એક પ્રેમે તું મન લાવું; હૃદયમાં. ૯
ક્ષણ ક્ષણ ગુણ ત્હારા ગાવું,

ભીડસમે વ્હારે આવો, શક્તિ અનંતી પ્રગટાવો; હૃદયમાં. ૧૦
વીરપ્રભુ પ્રીતિ લાવો,

પ્રદેશે પ્રદેશે વસનારા, શુદ્ધાતમ ગુણ આધારા. હૃદયમાં. ૧૧
બુદ્ધિસાગર ઘટ પ્યારા,

---

(૧૦૪)

પતિગુણની ગરબી.

મુનિવર સંયમમાં રમતા. એ રાગ.

ગુણવંત પતિની બલિહારી, દુર્વ્યસની નહીં વ્યભિચારી, ગુણવંત.
ઇચ્છે નહીં કદિ પરનારી, શુદ્ધ પ્રેમનો અવતારી; ગુણવંત. ૧
વાણી મધુરી ઉપકારી.

કામ કરે સર્વે સારાં, દુષ્ટ કર્મ કરતો ન્યારાં; ગુણવંત. ૨
સ્વજન સહુ મનમાં પ્યારાં.

પત્નીથી નહીં ક્રોધ કરે, કુટુંબ દુઃખો સર્વ હરે; ગુણવંત. ૩
નવરો નકટ થઇ નહીં ફરે.

આચારો સાચા પાળે, પત્નીવ્રતે મનડું વાળે;
ચડતો નહીં મોહના ચાળે. ગુણવંત. ૪

મુંઝે ન પરનારી રંગે, રહેતો નહીં દુર્જન સંગે;
કર્તવ્ય કરતો ઉમંગે. ગુણવંત. ૫

આત્મસમી પત્ની દેખે, એક સ્વરૂપે મન પેખે;
અશુદ્ધપ્રેમને ઉવેખે. ગુણવંત. ૬

પત્નીવ્રતે વર્તે ભોગી, શુદ્ધ પ્રેમ ગુણ સંયોગી;
દેશકાલ ગુણ ઉપયોગી. ગુણવંત. ૭

નીતિ રીતિ મતને પાળે, દુર્ગુણ પ્રગટ્યા સહુ ટાળે;
વંશ કુળ નિજ અજવાળે. ગુણવંત ૮

પ્રામાણિક પૂરો થાવે, અવળા પન્થે નહીં જાવે;
સહુને ખવરાવી ખાવે. ગુણવંત ૯

સાધુ સંત સેવા સારે, અતિથિને આદર ભારે;
નિર્લેપ વર્તે સંસારે. ગુણવંત. ૧૦

પત્નીથી નહીં કલેશ કરે, ગુસ્સો અને નહીં ગર્વ ધરે;
ધર્મ માર્ગમાંહિ સંચારે. ગુણવંત. ૧૧

વીરપ્રભુ હૃદયે ધારે, વીર જાપ જપતો ભારે;
કામ કરે સહુ અધિકારે. ગુણવંત. ૧૨

વીર પ્રભુ ગુરૂનો રાગી; આત્માર્પણભાવે ત્યાગી;
બુદ્ધિસાગર ગુણરાગી. ગુણવંત. ૧૩

(૧૦૨)

મહાવીર પ્રભુપર પ્રેમ.

મુનિવર સંયમમાં રમતા. એ રાગ.

પ્રભુ મહાવીર ભજુ ભાવે, નિજાતમ વીર પ્રભુ થાવે, પ્રભુ.
મહાવીર આંખે દેખાયો; મહાવીર દિલ મારૂં થાયો;
નિજાતમ મહાવીર સમજાયો. પ્રભુ. ૧

વીરહાથે મુજ હાથ થશો, વીર વિના નહીં પ્રેમ કરશો ?
નિજ હૈડામાં મહાવીર વસો. પ્રભુ. ૨

મારા કાનો વીરને સાંભળજો, મહાવીર પ્રભુ વચનો સુણજો;
મારી જીવ્હા વીર પ્રભુ ભણજો. પ્રભુ. ૩

મારી આંખો વીર પ્રભુ દેખો, મારૂં દિલડું વીર પ્રભુ પેખો;
મોહ માયાને ઝટ ઉવેખો. પ્રભુ. ૪

મારા પગ મહાવીરસમા થાજો, વિશ્વહિતાર્થે પગ વપરાજો;
મહાવીરનો હોજો વિશ્વાસો. પ્રભુ. ૫

ષટ્ ચક્રોમાં મહાવીર વસ્યા, શુદ્ધપ્રેમે અદ્વૈત થઇ ઉલ્લસ્યા;
એવી મહાવીર પ્રેમે જાગી દશા. પ્રભુ. ૬

વાગ્યા ગગન ગઢે વીરના ડંકા, સુણ્યે અનહદ મહાવીરના બંકા;
પૂર્ણ આનન્દી વીર અવટંકા. પ્રભુ. ૭

ચઢી ગગનગઢે વીરને દીઠા, ઉનમુની મુદ્રાએ મીઠા;
બુદ્ધિસાગર આનન્દ ઉત્કૃષ્ટા. પ્રભુ. ૮

(૧૦૩)

મહાવીર પ્રભુની ગરબી.

પ્રભુ મહાવીર વિભુજી સર્વાંગે શોભી રહ્યા જો,
જેનો મહિમા જગમાં સઘળે અપરંપાર;
શક્તિ જેની છાજે સર્વ વિશ્વ આધાર,
એવા વીરપ્રભુ તો વચને નહીં જાવે કહ્યા જો;

સાખી.

આતમ તે પરમાતમા, પરમાતમ તે વીર,
પર બ્રહ્મ હરિહર વિભુ, અરિહંત જગધીર;

કેવલજ્ઞાન અને દર્શન–ગુણથી જગમાં વિભુ રે,
વિશ્વોદ્ધારક તેથી, જગમાંહી સાચા પ્રભુ જો;
પિંડે બ્રહ્માંડે ઝળહળતી–ઝગમગ જ્યોત,
તેથી ત્રણ્ય ભુવનમાં–વીરતણો ઉદ્યોત;
સાપેક્ષાએ કર્તા હર્તા, પાલક જગ ધણી જો.
સત્તાએ વ્યાપકને કેવલજ્ઞાને જગમણિ જો. પ્રભુ. ૧

સાખી.

અનંત જ્ઞાનાદિક ગુણી, ઝળકે અનંત નૂર,
ચિદાનન્દ અનંતરસ–સાગરના છો પૂર;

પિંડે બ્રહ્માંડે ષટ્કારક મય શોભા લહ્યા જો,
અનંત ગુણપર્યાયી, દ્રવ્યપણે નિત્ય જ વહ્યા જો;
જેના ગુણ પર્યાયો અનંતદેવ સ્વરૂપ,
સદસત્ પર્યાયોએ વર્તો રૂપારૂપ;
ઘટ ઘટ આત્મવીર સત્તાએ પરમાતમ સદા જો,
આવિર્ભાવે વ્યક્ત જિનેશ્વરકેવલી છો સુદા જો. પ્રભુ. ૨

સાખી.

ઘટઘટોમાં નૂર તુજ, ભાસે અનંત અપાર,
સત્તાએ જીવો સહુ, એકાત્મા નિર્ધાર;

નય વ્યવહારે આતમ-અનંત વ્યક્તિએ છતા જો,
સમજ્યા વણ નયોને, મૂઢજનો ખાવે ખતા રે;
માટે નયના જ્ઞાને સમજે વીરસ્વરૂપ,
જેથી નાસે મિથ્યા ભ્રાંતિ દુઃખડાં ધૂપ;
બુદ્ધિસાગર આતમ મહાવીર ઘટમાં દેખશો જો;
શુદ્ધપ્રેમાદ્વૈતે આત્મ સમું જગ પેખશો જો. પ્રભુ. ૩

---

(૧૦૪)

જૈનોના ગુણોની ગુંહલી.

મુનિવર સંયમમાં રમતા. એ રાગ.

જૈનો તે જાણવા સાચા, મીઠી સત્ય વદે વાચા. જૈનો.
વીરાર્પણ કર્મો કરતા, કેશરિયાં કરી સંચરતા;
વીર વીર મુખ ઉચ્ચરતા. જૈનો. ૧

મહાવીર દિલડું નિજ કરતા, મૃત્યુ કાલથી નહીં ડરતા;
મોહના માર્યા નહીં મરતા. જૈનો. ૨

મહાવીર દેવને દિલ ધારે, ચડતા ધર્મિજન ભ્હારે;
આપ તરે પરને તારે. જૈનો. ૩

વીરસમા દાની થાતા, ધૂર્તોથી નહીં વંચાતા;
અજવાળે ગાતા માતા. જૈનો. ૪

સર્વ શક્તિયો પ્રગટાવે, સત્ય પ્રેમ દિલમાં લાવે;
જૈનને ખબરાવી ખાવે. જૈનો. ૫

વીરજનોને સંતોષે; સેવા ભક્તિ કરી હોંશે;
રહેતા ન અન્યાયે રોષે. જૈનો. ૬

જીવે વીરપ્રભુ માટે, ધર્મ ન છંડે શિર સાટે;
જાય ન પાપતણી વાટે. જૈનો. ૭

અરિહંત મહાવીર મનપ્યારા, શરણ કરી જગદાધારા;
સફલ કરે નિજ અવતારા. જૈનો. ૮

જૈનધર્મ માટે મરતા, સ્વર્ગવિષે તે અવતરતા;
દુઃખી જનોને ઉદ્ધરતા. જૈનો. ૯

ધીરા વીરા રણશૂરા, દીન જનોપર નહીં ક્રૂરા;
જીવન સૂત્રોથી પૂરા. જૈનો. ૧૦

સાધુસંત સુજસમ દેખે, નિન્દા દોષને ઉવેખે;
આત્મા સમી દુનિયા પેખે. જૈનો. ૧૧

જૈનોને મહાવીર સમા-ગજુના રાખે ન સ્વાર્થતમા;
સમજે સદ્ગુરૂ જ્ઞાન ગમા. જૈનો. ૧૨

જૈનો વીરજનો એવા, કરતા વિશ્વતણી સેવા;
બુદ્ધિસાગર ગુરૂદેવા. જૈનો. ૧૩

---

(૧૦૫)

અરિહંતપદની ગુંહલી

ભવિ તમે વંદોને સૂરીશ્વર ગચ્છરાયા. એ રાગ.

વીર ઉપદેશેરે અરિહંત પ્રભુ જયકેરા,
અરિહંત પદની રે કરજો ભાવે સેવા;
ચોત્રીશ અતિશય મહિમા ધારક; વાણી ગુણ પાંત્રીશ;
સમવસરણમાં બેસી જિનવર, ઉપદેશે જગદીશ. વીર. ૧

ઘાતિકર્મનો નાશ કરીને, કેવલ જ્ઞાને શોભે;
શુદ્ધાતમ તીર્થંકર અરિહંત, અનંત ગુણથી ઓપે. વીર. ૨

અરિહંત તે નિજ આતમ જાણો, સત્તા વ્યક્તિ પિછાનો;
આતમના ઉપયોગે પોતે, પરગટ ઇશ પિછાનો. વીર. ૩

અરિહંત પરમાતમ પોતે, પ્રગટે આતમ જ્યોતે;
બુદ્ધિસાગર પ્રભુ અંતરમાં, શોભે શુદ્ધ ઉદ્યોતે. વીર. ૪

---

(૧૦૬)

સિદ્ધપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદોરે સિદ્ધ પ્રભુ જયકારી,
શુદ્ધ ઉપયોગી રે કર્મ રહિત ગુણ ધારી;
સિદ્ધ પ્રભુ નિજાતમ જાણો, શ્રદ્ધા નિશ્ચય આણો;
નિરાકાર નિર્મલ શુદ્ધાતમ, અનંત સિદ્ધો માનો ભવિ તમે. ૧

સત્તાએ નિજ આતમ સિદ્ધ જ, વ્યક્તપણે પ્રગટાવો;
અનંત વીર્ય સ્વયં નિજ આતમ, ધ્યાનવિષે લય લાવો. ભવિ.૨

અનંત જ્ઞાનાદિક ગુણ આગર, શુદ્ધાતમ દિલભાવે;
બુદ્ધિસાગર આતમ ઉજાગર, શુદ્ધ સમાધિ સુહાવે. ભવિ. ૩

વીરજનોને સંતોષે; સેવા ભક્તિ કરી હોંશે;
રહેતા ન અન્યાયે રોષે. જૈનો. ૬

જીવે વીરપ્રભુ માટે, ધર્મ ન છંડે શિર સાટે;
જાય ન પાપતણી વાટે. જૈનો. ૭

અરિહંત મહાવીર મનપ્યારા, શરણુ કરી જગહાંધારા;
સફલ કરે નિજ અવતારા. જૈનો. ૮

જૈનધર્મ માટે મરતા, સ્વર્ગવિષે તે અવતરતા;
દુઃખી જનોને ઉદ્ધરતા. જૈનો. ૯

ધીરા વીરા રણશૂરા, દીન જનોપર નહીં ક્રૂરા;
જીવન સૂત્રોથી પૂરા. જૈનો. ૧૦

સાધુસંત સુજસમ દેખે, નિન્દા દોષને ઉવેખે;
આત્મા સમી દુનિયા પેખે. જૈનો. ૧૧

જૈનોને મહાવીર સમા-ગણના રાખે ન સ્વાર્થતમા;
સમજે સદ્ગુરૂ જ્ઞાન ગમા. જૈનો. ૧૨

જૈનો વીરજનો એવા, કરતા વિધિનથી સેવા;
બુદ્ધિસાગર ગુરૂદેવા. જૈનો. ૧૩

---

(૧૦૫)

અરિહંતપદની ગુંહલી.

ભવિ તમે વંદોરે સૂરીશ્વર ગચ્છરાયા. એ રાગ.

વીર ઉપદેશેરે અરિહંત પ્રભુ જયકારા,
અરિહંત પદની રે કરજો ભાવે સેવા;
ચોત્રીશ અતિશય મહિમા ધરતા; વાણી ગુણ પાંત્રીશ;
અષ્ટપ્રાતિહાર્યે શોભે જિનવર, ઉપદેશે જગદીશ. વીર. ૧

ઘનઘાતી કર્મનો નાશ કરીને, કેવળ જ્ઞાને શોભે;
શુદ્ધાતમ તીર્થંકર અરિહંત, અનંત ગુણથી જે રે. વીર. ૨

અરિહંત તે નિજ આતમ જાણું, ધ્યાન અરિહંત ધ્યાને;
આતમના ઉપયોગે પોતે, પરગટ પ્રભુ પિછાને. વીર ૩

અરિહંત પરમાતમ પોતે, પ્રગટે આતમ જ્યોતે;
બુદ્ધિસાગર પ્રભુ અંતરમાં, દીઠો શુદ્ધ ઉદ્યોતે. વીર. ૪

---

(૧૦૭)

સિદ્ધપદની ગુહલી.

રાગ ઉપરનો.

[illegible] સિદ્ધ પ્રભુ [illegible]
[illegible]
સિદ્ધ પ્રભુ [illegible]
[illegible] ૧

[illegible]
[illegible] ૨

[illegible]
[illegible] ૩

(૧૦૭)

આચાર્યપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદો રે આચાર્ય ગુણખાણી,
અમૃત સરખી રે જેહની મીઠી વાણી;
દ્રવ્ય ભાવથી છત્રીશ છત્રીશ, ગુણ શ્રુત જ્ઞાનના દરિયા,
જૈનધર્મના રક્ષક અનુભવી, અતિશયી સુખ ભરિયા. ભવિ. ૧
અનેક ઉપમા જેહને શોભે, યુગ પ્રધાનાવતારી;
અન્તરાત્મપદધારક યોગી, જેહની સંગતિ સારી. ભવિ. ૨
સર્વાગમ દર્શન વડવીરા, ધીર વીર ગંભીરા;
નિશ્ચય તે વ્યવહારે પૂરા, સર્વ શક્તિથી શૂરા. ભવિ. ૩
નિશ્ચય સત્તાએ નિજ આતમ, સૂરિ ગુણોએ ભરિયો;
બુદ્ધિસાગર આતમજ્ઞાને, ભવસાગરને તરિયો. ભવિ. ૪

---

(૧૦૮)

ઉપાધ્યાયપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદોરે ઉપાધ્યાય ગુણધારી,
શશીરવિ સરખોરે નિર્મમ નિરહંકારી;
મુનિગણને આગમ વંચાવે, ભણે ભણાવે ભાવે;
પ્હાણને નવ પલ્લવ જે કરતા, પાઠક શક્તિ પ્રભાવે. ભવિ. ૧
શોભે જે યુવરાજ સમા નિત્ય, સદાચારમન ધારી,
તપી જપી અતિશયી પ્રભાવક, પંચવીશ ગુણ ભારી. ભવિ. ૨
ઉપાધ્યાય નિજ આતમ જાણો, વ્યક્ત કરો નરનારી;
બુદ્ધિસાગર આતમ વાચક, દ્રવ્યભાવ નિર્ધારી. ભવિ. ૩

---

(૧૦૯)

સાધુપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદોરે મુનિવર ભવદુઃખહારી,
ધરિ દુખ સંયમી રે સાધુ ત્યાગી ગુણધારી;
ષટરૂપ ગુણ દ્રવ્યભાવથી, પંચ નવથી મહંત,
અંતરંગ તપથી શુભધ્યાનથી, સત્યથી સુખી સંત. ભવિ તમે. ૧
ક્રિયા રૈયામાં આવતી નહીં જે, જ્ઞાનાદિક ગુણ અવિકાર
ભવની ઘાતકે પુણ્ય, [illegible] તવિયા. ભવિ. ૨
નિંદકો નહીં સુણે મુકે, આતમ સહુ સુહાવે,
બુદ્ધિસાગર સહુ આતમ, જ્ઞાને અનુભવ પાવે. ભવિ. ૩

---

(૧૧૦)

દર્શનપદની ગુંહલી

રાગ ઉપરનો.

ભવિ તમે વંદોરે દર્શન [illegible]
[illegible]
[illegible] ભવિ. ૧
[illegible]
[illegible] ભવિ. ૨
[illegible]
[illegible] ભવિ. ૩
[illegible]

નિજ આતમ ચારિત્ર વખાણ્યો, શુદ્ધ પરિણામ સ્વભાવે;
નિરાસક્તિ ચારિત્ર નિજાતમ, નિર્લેપી મન હાવે. ભવિ. ૪
જલપંકજવત્ આતમ નિજ તે, સત્યચારિત્ર વિવેકે;
બુદ્ધિસાગર આતમ રંગે, લીનપણાની ટેકે. ભવિ. ૫

---

(૧૧૩)

તપપદની ગુંહલી.

રાગ ઉપરનો.

ભવિ તમે વંદો રે, તપપદ અતિશય ધારી,
તપગુણ સેવો રે, ભાવે સહુ નર નારી. ભવિ.
બારભેદે તપ તપતાં નિર્મલ, કર્મ નિકાચિત નાસે;
બાહ્યેચ્છારોધક તે તપ છે, કર્મ તપે તે ઉલ્લાસે. ભવિ. ૧
પચ્ચાશ લબ્ધિ ઉપજે તપથી, અનંત શક્તિ પ્રગટતી;
રોગ શોક સહુ દૂરે નાસે. વાસનાવૃત્તિ વિઘટતી. ભવિ. ૨
પ્રવૃત્તિ નિવૃત્તિ યોગી, કર્મ કરે પણ તપિયા;
નિર્લેપભાવે રહેવું તપ છે, તપપદના ગુણ ખપિયા. ભવિ. ૩
નિજ આતમ તપરૂપી નિહાળી, દ્રવ્ય ભાવ તપ તપવું;
શુદ્ધોપયોગે રહેવું ઘટમાં, નામ પ્રભુનું જપવું. ભવિ. ૪
ગુંહલી ગરબી ભાગ બીજામાં, પંચોતરની સાલે;
નગર પાદરા ચોમાસામાં, રચી આતમગુણ ખ્યાલે. ભવિ. ૫
તપાગચ્છ રવિસાગર ગુરુજી, સુખસાગર ગુરુરાયા;
ધર્મ ધુરંધર વીરની પાટે, પ્રેમે પ્રણમો પાયા.
મંગલ પામોરે જગમાં નર અને નારી. ભવિ. ૬
નવપદ આતમમાંહિ જાણો, નય નિક્ષેપ પ્રમાણો.
બુદ્ધિસાગર શુદ્ધ ઉપયોગે, આપોઆપ પિછાણો. મંગલ. ભવિ. ૭

શ્રી મહાવીર જન્મ જયંતી ગીત.

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે એ રાગ.

આજે મહાવીર જન્મ્યા જગમાં આનંદ આપવા,
કોટિ ચંદ્ર સૂરજની ઝળકી જગમાં જ્યોત;
પ્રગટ્યો ત્રણ ભુવનમાં આનંદમય ઉદ્યોત,
વિરમ્યા જડવાદી પાપી પ્રકૃતિ ખદ્યોત. આ. ૧

જગમાં સાત્વિક આનંદના વાયા શુભ વાયરા,
પામ્યા નારકીઓ પણ મનમાંહિ આનંદ;
ફરી આનંદના વરસ્યા બહુલા શુભ મેહુલા,
ભારત ઉલ્લસ્યું હરખે પાપ પલાયાં મંદ. આ. ૨

ફરી સર્વ દિશાઓ આનંદ ઓપે નીતરે,
હસે હસ દેવ દેવીથી ભરિયું બહુ આકાશ;
ઇંદ્રો ગાવે હરખે ને નાચે ઇંદ્રાણીઓ,
ચાંદા તેજે ભાસે રૂપાસમ આવાસ. આ. ૩

ગ્રહો ને લોકપાલ બહુ ગાવે વીરનાં ગીતડાં,
વિધો ક્ષાર્ક પ્રભુનો ઓળીને અહેવાલ;
પ્રભુને મેરૂપર ન્હવરાવે સુરપતિ ભાવથી,
ફરી ભારત ઘરઘર પ્રગટી મંગલમાલ. આ. ૪

ધન્ય ધન્ય માનિ હરખી ધન ધન્ય બીજ દ્વિજવરથી,
હરખ્યા ક્ષત્રિય બહુ ધરી પર આચાર;
ક્ષત્રીકુંડનગરમાં મંગળ વાજાં વાગીયાં,
જ્ઞાને દીઠાં સહુને આનંદનો નહિ પાર. આ. ૫

દિલે આનંદના ફેલા છે ભારત ભરમાં,
કીર્તિ મોહિનીના ઉમંગ છે નાનરૂ;

હરખ્યાં ત્રિશલામાતાને સિદ્ધારથ રાજવી,
હરખ્યા લોકો જાણી ભારત ઉદ્ધાર. ૬

રાજા વૈશાલી ચેટક મનમાં આનંદિયા;
ઘરઘર આનંદ ઉત્સવ વર્તે જયજયકાર;
આખા ભારત દેશે ઘરઘર પુત્ર વધામણું,
પ્રગટ્યો જગદ્‌ગુરૂ પ્રભુ મહાવીરનો અવતાર. ૭

ત્રેવીશ તીર્થંકર ભાષિત ચોવિશમા જીનપતિ,
આજે પ્રગટ્યા જાણી સૌને થયો નિર્ધાર;
માળે બેસી કરતાં કલ્લોલો સહુ પંખીઓ,
કરતાં આનંદના નાદો તેમ પશુઓ સાર. ૮

સુધુળે પ્રસિદ્ધ થઇ તેરસ મહાવીરના જન્મથી,
જગમાં મહાવીર તેરસ ઘેરેઘેર ગવાય;
સોનું રત્ન અને રૂપે હીરાના પારણે,
વીરને ઝુલાવે ત્રિશલા માતા સુખદાય. ૯

ત્રિશલા બોલે મારી કૂખે પ્રગટ્યા વીરજિન,
તેથી સતીઓમાંહી થઇ પ્રથમ શિરતાજ;
મ્હારી કૂખે આવ્યા ધર્મોદ્ધારક રાજવી,
રાખી ભારતજનની ધર્મ તણી શુભ લાજ. ૧૦

પ્રભુની જન્મથી જ઼ંગ લાઇન સિંહનું ચોમ્મિનું
પ્રભુજી સિંહની પેઠે કરો પરાક્રમ મિથ્યાં;
દયાના ઉપદેશે નિર્દયતા ટાળી વિશ્વથી,
ટાળો નરનારી પશુ પંખીના સહુ ક્લેશ. ૧૧

વીરજીન એક હજાર ને આઠ લક્ષણો ચોસઠમાં,
તેથી જણ્યા ચોવીસમાં સૌ કહે જીનરાજ;
કેશીકુમાર મુખથી ત્રિશલા બોલી સૌ વચી;
રૂડાં હાલરડાંનાં ગીતો ગુણ ગિરતાં ... ૧૨

જગમાં જોર પ્રકટતું જ્યારે હિંસા પાપનું,
કરતાં નરનારીઓ ત્રાહિ ત્રાહિ પોકાર;
જગમાં જુલ્મ ઘણા ને અંધકાર અજ્ઞાનનો,
ત્યારે તીર્થંકરનો જન્મ થાય નિર્ધાર. આ. ૧૩

ભારત આર્ય દેશમાં સોના સૂરજ ઊગીયો,
આજે જાગ્યું ભારત સર્વ દેશ શુરૂરાજ;
સાથે જન્મ્યા કેઇક ગણધર આદિ ઋષિયો,
જન્મ્યા દેવી જીવો કરવા સંઘે સાજ. આ. ૧૪

રૂડું ભારતનું તપ ફળ્યું જીનેશ્વર જન્મથી,
કરવા સર્વ વેદનો સાચો અર્થ પ્રકાશ,
જન્મ્યા જાણ્યા ઈંદ્રાદિકના વચને ભારતે,
પામ્યા ઋષિ તપસ્વી યોગીયો ઉલ્લાસ. આ. ૧૫

બંદીખાનેથી છોડયા સઘળા બંદિજનો,
ભારત દેશ નગરમાં ઉત્સવ બહુલા થાય;
નગરમાં નાટારંભો ઠેર ઠેર થાતા ઘણા,
અમરાપુર સમું ક્ષત્રીકુંડ સુખ ઉભરાય. આ. ૧૬

પ્રભુને જોવા આવે દેવદેવી નરનારીઓ,
જોષી જોગીઓ સહુ જોવા આવે દોડી;
વરસે સિદ્ધારથ ઘર કંચનની ખૂબ કોડીઓ,
પ્રભુની જગમાં જોતાં મળે ન બીજી જોડ,
વીરના તેજથકી કોઇ કરે ન જગમાં હોડ— આ. ૧૭

પ્રભુજી તીર્થ સ્થાપશે સમવસરણમાં બેસીને,
કરશે કેવલજ્ઞાને સત્ય ધર્મ ઉપદેશ;
ગણધર દ્વાદશાંગી ગુંથીને ધર્મ વધારશે,
જેથી ટળશે આધિ વ્યાધિના સહુ કલેશ. આ. ૧૯

મહાવીર ભારત ઘર ઘર જ્ઞાનાગ્નિ પ્રગટાવશે,
કરશે દુર્ગુણોનો બોધથકી સંહાર;

સર્વે આર્યો એક સ્વરૂપી થઇને ચાલશે,
રાજા રંક સકલને સરખા હક નિર્ધાર. આ. ૧૯

સર્વે આર્યો દુઃખ બંધનને છેદી નાખશે,
ઊંચા નીચાનો રહેશે નહીં મન અહંકાર;
સહુનો ન્યાય થશે સમભાવપણે જગ સારીખો,
ટળશે હિંસા યજ્ઞો તથા મનુજ સંહાર. આ. ૨૦

થાશે પ્રજાસંઘનાં રાજ્ય અને સુનીતિઓ,
રક્તથી ખરડાશે નહીં સર્વ પ્રજાનો સંઘ;
રાજ્ય દૈવત સર્વે આત્મરૂપથી એક થઇ,
કરશે અરસપરસ સાહાય્ય ધરી મન રંગ. આ. ૨૧

પ્રભુજી આત્મજ્ઞાનથી બ્રાહ્મણ મુખ્ય કહાવશે,
ક્ષત્રી બનીને કરશે સર્વ કર્મ સંહાર;
જગતમાં ધર્મદૃઢતાનો ક્ષાત્રપણાથી જણાવશે,
અંતર વૈશ્ય બનીને કરશે ગુણ વ્યાપાર. આ. ૨૨

કેવલજ્ઞાની બનીને સેવા સહુની સારશે,
ગામોગામ કરીને પાદ થકી વિહાર;
સેવા ધર્મતણો ડંકો કરશે વિશ્વમાં,
ચતુર્વિધ સંઘ બનાવી કરશે જગ ઉદ્ધાર. આ. ૨૩

સાચી ભક્તિ સાચાં કર્મો જ્ઞાને જણાવશે,
વિચારો આચારોમાં થાશે બહુ ઉદાર;
દયાનો દેવાલો કરશે ભારતમાં ભાવથી,
ઘરોઘર પંખીઓ મજા કરશે નિર્ધાર. આ. ૨૪

જીતી રાગદ્વેષને દુનિયા કરશે નિર્મોહી,
આર્યો જૈનો જિનને અનુસરશે દિનરાત;
બ્રાહ્મણ આત્મજ્ઞાનીઓ બનીને વિશ્વ જગાવશે,
નવલું રૂડું પ્રગટ્યું ભારતનું પરભાત. આ. ૨૫

ચારે વર્ણો રૂદ્ધિ ધન ખોટાં ત્યાગશે,
ઘરોઘર આત્મજ્ઞાનનાં પ્રસરશે બહુ સૂત્ર;
સાચા વ્યવહારો વર્તાશે સાચી નીતિથી,
જ્ઞાનીયો યોગી થાશે ભારત માતા પુત્ર. આ. ૨૬

ઘરોઘર બ્રહ્મ શાસ્ત્રના ચર્ચા શુભ પ્રગટશે,
જિનજી ચોવીશમો મહાવીરતણો અવતાર;
ભાખે ભવિષ્ય કેશી ઇંદ્રો ને બહુ ઋષિયો,
એવું સુણીને હરખ્યાં ભારતનાં નરનાર. આ. ૨૭

જયંતી વીર પ્રભુની ઉજવે સુરનર નારીયો,
વ્યાપ્યો ત્રણ ભુવનમાં જન મનમાં આનંદ;
પ્રગટયો સાત્વિક આનંદ માય ન લોકાલોકમાં,
નાઠા મોહરાયના સઘળા સઘળા ફંદ. આ. ૨૮

ચૈતર તેરસ મહાવીર જન્મ જયંતી ઉજવી,
સુરપતિ ઇંદ્રાણીઓ નંદીશ્વરમાં જાય;
માંડે અઠ્ઠાઇ મહોત્સવ ત્યાં ભાવે ભાવના,
ત્યાંથી દેવલોકમાં પહોંચીને હરખાય. આ. ૨૯

ક્ષત્રી કુંડ નગરમાં દશ દિન ઉત્સવ માંડિયો;
પ્રભુનાં મંદિરોમાં પૂજાઓ બહુ થાય;
જમણો જમતાં સર્વે જ્ઞાતિ નર ને નારીઓ;
દેવાં દેશતણાં નહિં રહેતાં માંહોમાંહ્ય. આ. ૩૦

આજે વીરપ્રભુની જન્મ જયંતી ઉજવી,
સફળો જન્મ થયો ને ફળી હૃદયની આશ;
ભારત બ્રહ્મજ્ઞાનથી શુરૂ બની સહુ દેશનો,
દેશે સ્વતંત્રતા ને આત્મિક જ્ઞાન પ્રકાશ. આ. ૩૧

ગાયકવાડી સંબંધે નગર પાદરા શોભતું,
જયંતી વીર પ્રભુની કીધી હર્ષ ઉલ્લાસ;

સંવત્ ઓગણીશ પંચોતેરની શુદી [illegible]
ગાવે બુદ્ધિસાગરસૂરિ જ્ઞાન પ્રકાશ. [illegible] ૩૨

---

(૧૧૫)

શ્રી મહાવીર પ્રભુનું પારણું.

ત્રિશલા માતાનું ગાન. શ્રી મહાવીર પ્રભુનું હાલરડું.

મ્હારો મ્હારો હૃદયનો પ્રાણ, મહાવીર ઝૂલો;
માંરૂં સર્વ મનોરથ સ્થાન, મહાવીર ઝૂલો.
આંખલડી આહ્લાદની અમૃતી, જોતાં તૃપ્તિ ન થાતી રે;
ત્હાંરે નયને આંખ ઠરાવે, નિર્મલ નેહે રે હાસી. માંરૂં.
પ્રમોદ આપે ઉભરતું, ત્રિભુવને ઘટ વરસે રે;
આંખ ઉછળે વિશ્વ ઉછળે, સહુ દુઃખ ત્રિ હરશે. માંરૂં. ૧
[illegible] નવપ્રાણ [illegible], [illegible] રે;
[illegible]. માંરૂં. ૨
[illegible] રે;
[illegible]. માંરૂં. ૩
[illegible];
[illegible]. માંરૂં. ૪
[illegible]
[illegible]. માંરૂં. ૫
[illegible] રે,
[illegible]. માંરૂં. ૬
[illegible]
[illegible]. માંરૂં. ૭

બાલપ્રભુ પારણીએ પોઢે, હાલરડે હુલરાવું રે;
પ્રભુના લક્ષણ પારખીયાંમાં, દીઠ તે શું ? જણાવું. મહા. ૮

હાલો હાલો કરતા હરખે, જગ જીવનને પ્રેમે રે;
અકલ અલખ લીલા ના લખાય, રહેનો જીવન ક્ષેમે. મહા. ૯

અનુભવ રમમાં ગમમાં કરતો, વિધ જીવાડી જો જો રે;
તજુ જીવન આધારૂં લાડું, પુત્ર પનોતા દીવે. મહા. ૧૦

બહુ લ કરીને છાતી સાથે, ચાંપી આનંદ પામું રે;
બાહિર અંતર બાળ પ્રભુના, રૂપ જગ [illegible] નામું. મહા. ૧૨

પગ ઠાકરીએ જગ ચમકાવે, આખથકી આકોશે રે;
આનંદ તેજ દેહ ભરેલી, પ્રભ નેજે બહુ વર્ષે. મહા. ૧૨

ભૂમિ પડીને બાળુ મેનો, આળ મૌની કંઇ હસતો રે;
પાને આવી ખોળામાંહી; ક્રમ કરીને ખસતો. મહા. ૧૩

ખીલે ખીલે રે ગુરૂ ગુમાન, હસે હસાવે રમાડે રે,
બ્રહ્મરૂપ તનભવના માટે, લાડ કરે ને ડરાવે. મહા. ૧૪

વાણીઓ આવે નાક નમને, [illegible] કરીને વાળા રે;
મન જીવન મનનાય જીવન મુજ, દેખો ને હિત ભરાતો.મ. ૧૫

નવ નવ ચેતન ગુણ ખીલે, અનુભવ વનને ઝીલે રે;
જીવનશક્તિ અર્પીને દીલે, તેજ સમર્પું રમીલે. મહા. ૧૬

અવિચળ ને [illegible], આનંદ હેલી વિકસે રે;
[illegible], [illegible] હિત [illegible]. મહા. ૧૭

[illegible] રે;
[illegible]. મહા. ૧૮

[illegible] રે,
[illegible]. મહા. ૧૯

[illegible] રે;
[illegible]. મહા. ૨૦

કુદરતી શોભા સોથી સારી, રવિ શશી વારી જાઉં રે;
બાલક રાજા આનંદ તાજા, ગુણ કેટલા હું ગાઉં. મહા. ૨૧

આત્મ પ્રતિબિંબ નિર્મલ ન્હાનું, મલકે મુખથી મઝાનું રે;
દિલથી દિલ પરખાવે નયને, મૌન રહી કહે છાનું. મહા. ૨૨

તૃપ્તિ ન પામું લાડ લડાવે, પ્રભુ બેઠે મુજ ખોળે રે;
જન્મ સફલ થયો પુણ્યોદયથી, આવે ન કો મુજ તોલે. મ. ૨૩

અલંકારથી અંગ ઓપાવું, ઝબલાં સરસ પહેરાવું રે;
દિલ આંગણીએ બાલુડાને, લય લાવી પધરાવું. મહા. ૨૪

બાલુડાના લાડના લ્હાવે, હરખી ઘાતોઘાતે રે;
પૂર્યા પૂર્ણ મનોરથ પ્રભુએ, જાય જીવન હરખાતે. મહા. ૨૫

કલ્પવૃક્ષ બીજ ચંદ્રની પેઠે, વધતો હર્ષ વધારે રે,
વૈરીને પણ વ્હાલો લાગે, પેઠી બની અવતારે. મહા. ૨૬

બાલુડા પ્રભુ આગળ ગાતી, ગરબો નવ નવ ગાને રે;
પ્રભુમય ગાનો તાનો જણાતાં, મને સમજાવે સાને. મહા. ૨૭

બાલુડામાં સર્વે જાયું છે, બાકી રહ્યું નહીં કાંઇ રે;
સર્વ મનોરથ ફળીયા મારા, રહી કલ્પવૃક્ષની છાંહીં. મહા. ૨૮

જીવનમાં અમીરસ રેડાયો, પત્ની જીવન શુભ સિંચ્યું રે;
કોટિ વર્ષ તક નંદન જીવો, પ્રભુ ચુંબી અમૃત પીધું. મહા. ૨૯

રત્ન કુક્ષીને જનની શિરોમણિ, ત્રિશલા માત મહાણી રે;
ત્રણ ભુવનમાં થઇ હું ચાવી, વિશ્વવત્સલ પ્રસ્રાણી. મહા. ૩૦

અંબાદેવી શક્તિ પુરાણી, નામ અનેકે મલાઇ રે;
દુનિયા શાંતિ શ્વાસ અકુંતી, ઘરઘર કરતી વધાઇ. મહા ૩૧

બાલા પ્રભુમાં દેવ દેવીઓ, પ્રિયપણું સહુ જોતી રે;
બુદ્ધિસાગર વારી જાઉં, પ્રભુને વધાવું મોતી. મહા. ૩૨

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળામાં પ્રગટ થએલા ગ્રન્થો.

	પૃષ્ઠ	
૧. ભજન સંગ્રહ ભાગ ૧ લો.	[illegible]	૦-૮-૦
× ૧. અધ્યાત્મ વ્યાખ્યાનમાળા.	૨૦૬	૦-૪-૦
× ૨. ભજનસંગ્રહ ભાગ ૨ જો.	૩૩૬	૦-૮-૦
× ૩. ભજનસંગ્રહ ભાગ ૩ જો.	૨૧૫	૦-૮-૦
× ૪. સમાધિ શતકમ્.	૩૪૦	૦-૮-૦
૫. અનુભવ પચ્ચિશી.	૨૪૮	૦-૮-૦
૬. આત્મપ્રદીપ.	૩૧૫	૦-૮-૦
૭. ભજનસંગ્રહ ભાગ ૪ થો.	૩૦૪	૦-૮-૦
૮. પરમાત્મદર્શન.	૪૩૨	૦-૧૨-૦
૯. પરમાત્મજ્યોતિ.	૫૦૦	૦-૧૨-૦
×૧૦. તત્ત્વબિંદુ.	૨૩૦	૦-૪-૦
×૧૧. ગુણાનુરાગ. (આવૃત્તિ બીજી)	૨૪	૦-૧-૦
×૧૨-૧૩. ભજનસંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા.	૧૯૦	૦-૬-૦
×૧૪. તીર્થયાત્રાનું વિમાન (આવૃત્તિ બીજી)	૬૪	૦-૧-૦
૧૫. અધ્યાત્મ ભજનસંગ્રહ.	૧૯૦	૦-૬-૦
×૧૬. ગુરુબોધ.	૧૭૨	૦-૪-૦
×૧૭. તત્ત્વજ્ઞાનદીપિકા.	૧૨૪	૦-૬-૦
૧૮. ગહુંલીસંગ્રહ.	૧૧૨	૦-૩-૦
×૧૯-૨૦. શ્રાવકધર્મસ્વરૂપ ભાગ ૧-૨ (આવૃત્તિ ત્રીજી)	૪૦-૪૦	૦-૧-૦
×૨૧. ભજન પદ સંગ્રહ ભાગ ૬ ઠો.	૨૦૮	૦-૧૨-૦
૨૨. વચનામૃત.	૩૦૮	૦-૧૪-૦
૨૩. યોગદીપક.	૨૬૮	૦-૧૪-૦
૨૪. જૈન ઐતિહાસિક રાસમાળા.	૪૦૮	૧-૦-૦
૨૫. આનન્દઘન પદસંગ્રહ ભાવાર્થ સહિત.	૮૦૮	૨-૦-૦
૨૬. અધ્યાત્મ શાન્તિ (આવૃત્તિ બીજી)	૧૩૨	૦-૩-૦
૨૭. કાવ્યસંગ્રહ ભાગ ૭ મો.	૧૫૬	૦-૮-૦
×૨૮. જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ.	૯૬	૦-૨-૦
×૨૯. કુમારપાળ ચરિત્ર (હિંદી)	૨૮૭	૦-૬-૦
૩૦ થી ૩૪. સુખસાગર ગુરુગીતા.	૩૦૦	૦-૪-૦

૩૫. ષડ્દ્રવ્ય વિચાર.	૨૪૦	૦-૪-
૩૬. વિજાપુર વૃત્તાંત.	૮૦	૦-૪-
૩૭. સાબરમતી કાવ્ય.	૧૯૬	૦-૬-
૩૮. પ્રતિજ્ઞા પાલન,	૧૧૦	૦-૫-
૩૯-૪૦-૪૧. જૈનગચ્છમત પ્રબંધ. સંઘપ્રગતિ. જૈનગીતા.		૧-૦-
૪૨. જૈન ધાતુપ્રતિમા લેખ સંગ્રહ.		૧-૦-
૪૩. મિત્રમૈત્રી,		૦-૮-
×૪૪. શિષ્યોપનિષદ્.		૦-૨-
૪૫. જૈનોપનિષદ્	૪૮	૦-૨-
૪૬-૪૭ ધાર્મિક ગદ્યસંગ્રહ તથા પત્ર સદુપદેશ. ભાગ ૧ લો.	૯૭૬	૩-૦-૦
૪૮ ભજનસંગ્રહ ભાગ ૮	૯૦૪	૩-૦-૦
૪૯. શ્રીમદ્દેવચંદ્ર ભા. ૧	૧૦૨૮	૨-૦-૦
૫૦. કર્મયોગ	૧૦૧૨	૩-૦-૦
૫૧ આત્મતત્ત્વદર્શન.	૧૧૨	૦-૮-૦
૫૨ ભારત સહકાર શિક્ષણ	૧૬૮	૦-૧૦-૦
૫૩. શ્રીમદ્દેવચંદ્ર ભા. ૨	૧૨૦૦	૩-૮-૦

× આ નીશાનીવાળા ગ્રંથો સીલકમાં નથી.

પુસ્તક મળવાના સ્થળ.

મુંબઇ, પાયધુની શુકમેલર મેઘજી હીરજી.
,, ચંપાગલી. લલ્લુભાઇ કરમચંદ દલાલ.
પુના, વેતાલપેઠ. શેઠ વીરચંદભાઇ કૃષ્ણાજી.
પાદરા, વકીલ મોહનલાલ હીમચંદ.